# લીંમડી નેશનલ હાઈવે પર દુર્ઘટના : ૪ના મોત

સુરેન્દ્રનગર, તા.૨૮

લીંમડી નેશનલ હાઈવે પર ત્રિપલ અકસ્માતમાં એક જ પરિવારના ચાર લોકોના મોત થતાં સનસનાટી મચી ગઈ છે. એક સાથે ત્રણ વાહનો દુર્ઘટનાગ્રસ્ત થયા હતા. પરિવારના ચાર લોકોના મોત સાથે આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. મૃત્યુ પામેલાઓની ઓળખ હજુ થઈ શકી નથી. રાજકોટમાં રહેતા પરિવારના સભ્યો અજમેર શરીફ દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લાથી પસાર થતો અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે ફરી એકવાર રક્તરંજિત બન્યો છે. શનિવારે સવારે ત્રણ વાહનો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ચાર વ્યક્તિઓના જીવન દીપ બૂઝાઈ ગયા હતા જ્યારે ૧૧થી વધુ લોકોને ઈજા પહોંચતા સારવાર માટે દવાખાને લઈ જવાયા હતા. અજમેર શરીફ દર્શન કરીને પરત ફરતા રાજકોટના એક જ પરિવારના ચાર વ્યક્તિના મોત થતા શોક ફેલાઈ ગયો હતો. રાજકોટમાં રહેતો પરિવાર અજમેર શરીફ દર્શન કરીને સ્કોર્પિયો કારમાં પરત ફરતો હતો ત્યારે વસ્તડીના પાટીયા પાસે પસાર થતી તૂફાન કારની સાઈડ કાપવા જતાં બંને અથડાઈ હતી જેમાં તૂફાન કાર રસ્તા પરના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી અને સ્કોર્પિયો કાર ડિવાઈડર કૂદીને સામેથી આવતી આયસર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં સ્કોર્પિયોમાં બેઠેલા રાજકોટના એક જ પરિવારના ચાર વ્યક્તિઓના મોત થયા હતા. જ્યારે ૧૧થી વધુ વ્યક્તિ ઘાયલ થતાં સારવાર માટે હોસ્પિટલે જઈ જવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે થોડા સમય માટે હાઈવે પર વાહનોની લાંબી લાઈનો લાગી હતી. મૃતકોની ઓળખ વિધિ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. લીંમડી નેશનલ હાઈવે ઉપર વારંવાર અકસ્માત થતાં રહે છે આ મામલાની પણ નોંધ લેવાઈ છે.



## ભિલોડામાં ભાજપ દ્વારા પુતળા દહનનો કાર્યક્રમ

ભિલોડામાં મઉં ચાર રસ્તા પાસે મીની પોલીસ ચોકી સામે શામળાજી-ઈડર હાઈ-વે ઉપર ભાજપ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલના પુતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. ભાજપના હોદ્દેદારો,કાર્યકરોએ જણાવ્યું હતું કે રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલ જ્યાં ટ્રસ્ટી હતા તે હોસ્પિટલમાંથી આતંકવાદના આરોપસર પકડાયેલા આતંકવાદી સાથે કોંગ્રેસને શું સબંધ છે તેનો જવાબ આપો અથવા તો રાજ્યસભાના સાંસદ પદેથી રાજીનામું આપે તેવી માંગણી કરી હતી.

# દેશને બુલેટ ટ્રેનના બદલે મૂળભૂત સુવિધાઓની જરૂર : ચિદમ્બરમ

અમદાવાદ, તા.૨૮

કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા, પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી અને કુશળ આર્થિક વિશ્લેષક પી.ચિદમ્બરમ્ આજે ગુજરાતમાં રાજકોટની મુલાકાતે આવ્યા હતા. ચિદમ્બરમે રાજકોટમાં કાર્યક્રમ દરમિયાન જુદા જુદા વિષયો ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી અને કેન્દ્ર સરકાર અને ભાજપ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. ચિદમ્બરમે બુલેટ ટ્રેન, નોટબંધી, અહેમદ પટેલ પર કરાયેલા આક્ષેપોના સંદર્ભમાં હરીફ પક્ષોને જવાબો આપ્યા હતા. સ્થાનિક વેપારીઓ, ઉદ્યોગકારો સહિતના લોકો સાથેના ખાસ સંવાદ કાર્યક્રમ દરમ્યાન પી.ચિદમ્બરમે મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, આજે દેશને બુલેટ ટ્રેનની જરૂર નથી પરંતુ લોકો જે પ્રાથમિક-બુનિયાદી સુવિધાથી વંચિત છે, તેઓને તે બુનિયાદી સુવિધા પહેલી પૂરી પાડો, પછી બધી વાતો કરો. નોટબંધીના મુદ્દે તેમણે મોદી સરકારને ચાબખો મારતાં જણાવ્યું કે, જો હું નાણાંપ્રધાન હોત અને મારા પ્રધાનમંત્રીએ મને નોટબંધી કરવાનું કહ્યું હોત તો હું રાજીનામું આપી દેત પરંતુ દેશહિતમાં આવો અત્યાચારી નિર્ણય લાગુ ના કરત. ચિદમ્બર તેમની વાતચીત દરમ્યાન મીડિયા સાથે મહ્‌દઅંશે અંગ્રેજીમાં વાત કરી હતી, થોડું હિન્દીમાં પણ બોલ્યા હતા પરંતુ



એક તબક્કે ચિદમ્બરમે ગુજરાતી ભાષામાં વિકાસ ગાંડો થયો છે બોલી ભાજપ પર કટાક્ષ કરી સૌને આશ્ચર્યમાં નાંખી દીધા હતા. ભરૂચની હોસ્પિટલના પૂર્વ કર્મચારીની આંતકવાદી તરીકે ધરપકડ થઈ હોવાના મામલામાં ભાજપ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ પર કરાયેલા આક્ષેપો સંદર્ભે ચિદમ્બરમે એહમદ પટેલનો બચાવ કરતાં જણાવ્યું હતું કે, એહમદ પટેલે ૨૦૧૫માં જ આ હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે રાજીનામું આપી દીધુ હતુ અને જે વ્યકિતની ધરપકડ કરાઈ છે, તે લેબ ટેકનીશીયન હતો. ટેકનીશીયનની કામગીરી માટે ભૂતકાળના ટ્રસ્ટીને જવાબદાર કેવી રીતે ઠરાવી શકાય. ભાજપ પાસે કોઈ મુદ્દા નથી અને તેથી પાયાવિહોણા આક્ષેપ કરી સત્તાલક્ષી રાજનીતિ કરી રહ્યું છે. જીએસટીના મુદ્દે પણ તેમણે મોદી સરકારને આડા હાથે લેતાં વધુમાં જણાવ્યું હતું કે, જીએસટી એ વિચાર સારો છે પરંતુ કાયદાકીય રીતે તેની અમલવારી ખરાબ રીતે થઈ રહી છે. જીએસટીનો દર પણ સામાન્ય અને દરેક વર્ગને પોષાય તે પ્રકારનો હોવો જોઈએ. ૨૮ ટકા જેટલો ઉંચો જીએસટી તો કોઈપણ રીતે વાજબી કે યોગ્ય નથી. વળી, આ પ્રકારે રાતોરાત અને એકાએક આટલો ઉંચો વેરો પ્રજા પર ઝીંકવામાં આવે તે પણ યોગ્ય નથી. મોદી સરકાર કહે છે, જીએસટીને લઈ ચિંતા જેવું કશું નથી પરંતુ બીજીબાજુ, ખુદ રિર્ઝવ બેંક કહી રહી છે કે, આ ચિંતાનો વિષય છે.

# રાહુલ દક્ષિણ ગુજરાતમાં ચૂંટણી યાત્રા કરવા તૈયાર

## રાહુલ ગાંધી પહેલીથી ત્રીજી દરમિયાન ઝંઝાવતી પ્રચાર કરશે : મનમોહનસિંહ ૭મી નવેમ્બરે ગુજરાતની મુલાકાતે

અમદાવાદ,તા.૨૮

સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ગુજરાતના ચૂંટણી પ્રવાસ બાદ હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ માટે રાહુલ ગાંધી તા.૧લી નવેમ્બરે ફરી ગુજરાતની મુલાકાતે આવવાના છે. રાહુલ ગાંધી તા.૧થી ૩ નવેમ્બર દરમ્યાન દક્ષિણ ગુજરાતના તેમના ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રવાસમાં ૪૫૦ કિલોમીટરથી વધુનો પ્રવાસ ખેડે તેવી શકયતા છે. દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓ અને મહાનગરોની તેઓ મુલાકાત લેશે. સુરતના પાટીદારોના ગઢ ગણાતા એવા પૂર્વ વિસ્તારમાં રાહુલ ગાંધી વિશાળ જાહેરસભા સંબોધશે. આ સિવાય રોડ-શો, લોકસંવાદ અને રૂબરૂ માલાકાત દ્વારા તેઓ પ્રજાની વચ્ચે રહી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. રાહુલ ગાંધીનો ગુજરાત પ્રવાસ પૂરો થશે ત્યારબાદ તા.૭મી નવેમ્બરે કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા અને દેશના પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંહ ગુજરાતની મુલાકાતે આવે તેવી શકયતા છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ આ વખતે પોતાના ચૂંટણી પ્રવાસ દરમ્યાન હિન્દુત્વનું કાર્ડ ખેલી દેવદર્શન અને મંદિરોમાં ભજન, ગાયોને ચારો ખવડાવી જનસમુદાયનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તો, ભાજપે પણ રાહુલ ગાંધીના હિન્દુત્વના મુદ્દા પર ટીકાત્મક નિવેદનો કર્યા છે. જો કે, રાહુલ ગાંધી દક્ષિણ અને ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન પણ મહત્તમ દેવ દર્શન અને ગરીબ અને પછાત મહિલાઓ અને યુવાનો સાથે લોકસંવાદ યોજી જાહેરસભાઓ, રોડ-શો અને પ્રશ્નોત્તરી કાર્યક્રમો યોજી પોતાનું ચૂંટણી પ્રચાર અભિયાન ચાલુ રાખવા મક્કમ છે.

રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ઝોનના ચૂંટણી પ્રવાસની જબરદસ્ત સફળતા અને સાંપડેલા અભૂતપૂર્વ લોકસમર્થન બાદ ગુજરાત કોંગ્રેસમાં જોરદાર ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થયો છે અને તેથી હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધીના ખાસ રોડ-શો, જાહેરસભા અને લોકસંવાદ કાર્યક્રમોનું કોંગ્રેસ દ્વારા આયોજન કરાયું છે. આ માટે આવતીકાલે દક્ષિણ ગુજરાતના કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોની એક મહત્વની બેઠક પણ કોંગ્રેસે બોલાવી છે, જેમાં રાહુલ ગાંધીના પ્રચાર પ્રવાસને લઈ ખાસ માર્ગદર્શિકા અને રણનીતિ તૈયાર કરવામા આવશે.





## સલાલ ખાતે પારાયણના પ્રારંભે શોભાયાત્રા નિકળી

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજના સલાલ ખાતે પારાયણને લઈને પારાયણના દાંતાના ઘરેથી સ્વામિનારાયણ મંદિર ખાતે શોભાયાત્રા નિકળી હતી. સલાલ ખાતે રહેતા પટેલ અલ્પેશકુમાર કાલીદાસ દ્વારા પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બે દિવસ્ય કાર્યક્રમમાં અમદાવાદ સ્વામીનારાયણ મંદિરના પ.પૂ.આચાર્ય શ્રી પુરૂષોતમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજ ઉપસ્થિત રહ્યાં હતા. અને તેમનું સ્વાગત સાથે સામૈયું કરી ગામમાં તેમની અને ભગવાન સ્વામીનારાયણની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગામમાં આવેલ સ્વામી નારાયણ મંદિર સુધી શોભાયાત્રા પહોચી હતી. દાંતાના પરિવાર દ્વારા ભગવાન સ્વામીનારાયણની તથા પ.પૂ. આચાર્ય શ્રી પુરૂષોતમ પ્રિયદાસજી સ્વામી મહારાજની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. રાત્રીના સમયે રાસ ગરબા તથા દિવસે સત્સંગ વ્યસન મુક્તિ શિબીર, યુવા સંમેલન, ૭૫ વર્ષ પૂર્ણ થતાં આચાર્ય સ્વામીજી મહારાજનો અમૃત મહોત્સવની ઉજવણી સહિતના ધાર્મિક કાર્યક્રમોમાં સલાલ સહિત આજુબાજુના ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને શોભાયાત્રા, સત્સંગ સહિત પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

# શારજાહ ટુરિઝમ બોર્ડ દ્વારા અમદાવાદમાં રોડ શો હાથ ધરાયો

શારજાહ ટુરિઝમ બોર્ડ દ્વારા આજે સહયોગીઓ અને ટ્રાવેલ એજન્ટસ માટે કાપડ ઉદ્યોગના શહેર અમદાવાદમાં ટુરિઝમ પ્રમોશન રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શો નો ઉદ્દેશ એમિરેટસ ઓફ શારજાહને એક સંસ્કૃતિ, બિઝનેસ લેઈઝર અને શિક્ષણના સ્થાન તરીકે ભારતના પ્રવાસીઓમાં દર્શાવવાનો અને એજ્યુકેશનલ બોર્ડ, ટુરિઝમ સેન્ટર્સ, નીતિ ઘડનાર સમુદાય અને બિઝનેસ જગતમાં સંપર્ક વધારવાનો હતો. એક દિવસનો આ સમારંભ હયાત રીજન્સી ખાતે યોજવામાં આવ્યો હતો અને એમાં ટ્રાવેલ એજન્ટસ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ડીએમસી, હોટેલિયર્સ, એરલાઈનના ઓફિસરો અને શારજાહ ટુરિઝમ બોર્ડના મેનેજમેન્ટ સાથે પરામર્શ કર્યો હતો. રોડ શો ના માધ્યમથી શારજાહ ટુરિઝમ બોર્ડના પ્રતિનિધિઓ અને ડેલિગેટસ માટે અમદાવાદના ટ્રાવેલ એજન્ટસ સાથે શારજાહના સ્થાનનો અસરકારક રીતે કેવી રીતે પ્રચાર કરવો તે અંગે પરામર્શનું પ્લેટફોર્મ તૈયાર થયું હતું.

અમે ભારતના પ્રવાસીઓમાં શારજાહને સાંસ્કૃતિક અને શિક્ષણના સ્થળ તરીકે પ્રોત્સાહિત કરવા માગીએ છીએ. શારજાહ પાસે પ્રવાસન, સંસ્કૃતિ અને વાણિજયિક ક્ષેત્રે ઓફર કરવા જેવું ઘણું છે. હવે બંને દેશો વચ્ચેના સંપર્કને વધુ ઉંચા સ્તરે લઈ જવાની જરૂર છે. ભારત શારજાહ માટે અત્યંત આશાસ્પદ અને મહત્વનું પ્રવાસન બજાર છે અને એમિરેટસ દર વર્ષે હજારો પ્રવાસીઓને અને મુલાકાતીઓને આ દેશમાંથી આકર્ષે છે. તે મહિલાઓ માટે પણ સલામત સ્થળ છે અને અમે તે બાબતને ઉપસાવવા માગીએ છીએ. શારજાહની હોટેલ્સ અને રિસોર્ટસમાં પ્રવાસીઓના આગમનમાં નોંધપાત્ર વધારો થયો છે. એમિરેટસની બીચ હોટેલ્સ અને રિસોર્ટસમાં જે ધસારો વર્તાય છે તેનાથી અમારી અપેક્ષાઓમાં વધારો થયો છે. વર્ષના પ્રારંભથી જ ટોચના મોલ દ્વારા યોજાતી સ્પેશ્યલ પ્રમોશન ઓફરો ઉપરાંત શારજાહ દ્વારા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક, કલાત્મક, મનોરંજન અને શોપિંગ ફેસ્ટીવલ યોજવામાં આવે છે.

## હિંમતનગર વિધાનસભા ભાજપ કાર્યકર્તાઓનું સ્નેહ સંમેલન યોજાયું

ગુજરાત વિધાનભસાની ચૂંટણીના પ્રવાસે આવેલા ઉત્તર પ્રદેશના કેબીનેટ મંત્રી ડૉ. મહેન્દ્રસિંહે આજે હિંમતનગર સ્થિત હિંમતનગર શહેર તાલુકા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા જણાવેલ કે, મને અહીં આવતા વિજય સંમેલનમાં આવ્યો હોય તેવું લાગ્યુ છે. અહીં ઉત્સાહ સાથે બહુ જ મોટી સંખ્યામાં તમે બધા આવ્યા છો અહીંના વિધાનસભાના કેટલા મતદારો છે, કેટલા બુથ છે, કેટલા ઘરો પણ છે તેની મારી પાસે સંપૂર્ણ માહીતી છે. તમે એક કાર્યકર્તા ૨૦-૨૦ મત અપાવશો તો આપણે ભારી સંખ્યામાં જીતીશું તેથી જ તમારી મુસ્કાન બતાવે છે કે, ભારતીય જનતા પાર્ટી જીતશે જ. ડૉ. મહેન્દ્રસિંહે તેમના પ્રવચનમાં ધાર્મીક, રાજનીતી, દેશના યોધ્ધાઓ, વિરસપુતો, ઋષી-મુનીયો તેમજ સતયુગ-કલીયુગની પણ વાત કરતા જણાવેલ કે, કલીયુગનો માલીક શની છે. તે લોખંડને સાથ આપે છે અને શનીના પીતા સૂર્ય છે તેથી આપણો શની અને સૂર્ય બંન્ને મજબુત છે, દુનીયામાં આજે લોકપ્રીય નેતા નરેન્દ્રભાઈ મોદી છે, ભારત ચંન્દ્રગૃપ્ત, ચાણકય, ભગવાન મહાવીર, રામ-કૃષ્ણ, છત્રપતિ શીવાજી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સરદાર વલ્લભભાઈ પટેલ, ગાંધીજી, સ્વામી વિવેકાનંદ તેમજ અટલ બિહારી બાજપાઈ, શ્યામાપ્રસાદ મુખરજી, પંડીત દીનદયાલ ઉપાધ્યાય જેવા અનેક અદભુત મહાન વ્યક્તિઓનો દેશ છે જેનો કોઈ મુકાબલો નહીં કરી શકે. નરેન્દ્રભાઈ મોદીના કારણે દુનીયાના અનેક દેશોએ ભારત માતાના જય જયકાર લગાવ્યા છે.

# સલાલ ખાતે પ્રાંતિજ તાલુકાનું કોંગ્રેસનું સ્નેહ મિલન સંમેલન યોજાયું

## પાટીદાર સમાજના ૫૦ યુવાનો કોંગ્રેસનો ખેસ પહેર્યો : પરેશભાઈ ધાનાણી સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં

પ્રાંતિજ, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાનાં સલાલ ખાતે પ્રાંતિજ તાલુકા -શહેર કોંગ્રેસનો સ્નેહ સંમેલન યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી કોંગ્રેસ કાર્યકરો આગેવાનો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

સલાલ ખાતે પ્રાંતિજ તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત નૂતન વર્ષ સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોંગ્રેસ ગુજરાત પ્રદેશના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય અમરેલીના પરેશભાઈ ધાનાણીની વિશેષ ઉપસ્થિત રહી હતી. ઉપસ્થિત કોંગ્રેસના કાર્યકરો આગેવાનો પદાઅધિકારીઓએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ સાથે શુભકામનાઓ પાઠવી હતી. પાટીદાર સમાજનાં ૫૦ જેટલા



યુવાનો કોંગ્રેસમાં જોડાયાં હતા. એક દિવસ અગાઉ થયેલ ભાજપના સ્નેહ સંમેલનમાં ભાજપના પ્રદિપસિંહ વાઘેલા દ્વારા કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ઉપર કરવામાં આવેલ આક્ષેપોને લઈને કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ જાહેરમાં જવાબ આપ્યો હતો અને જાહેરમાં આમને સામને બેસીને પ્રજા વચ્ચે ચર્ચાઓ કરવા આમંત્રણ આપ્યું હતું. ઉપસ્થિત વકતાઓએ પણ ભાજપને આડે હાથ લીધી હતી અને વધતી જતી મોંઘવારી, નોટબંધી, જીએસટી સહિતની સમસ્યાઓને લઈને ભાજપ ઉપર આકરાં પ્રહારો કર્યા હતા.



આ પ્રસંગે પરેશભાઈ ધાનાણી, મહેન્દ્રસિંહ બારૈયા, ગોવિદભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ કુંપાવત, મણીભાઈ પટેલ, રેખાબેન સોલંકી, મહાવીરસિંહ, બેચરસિંહ રાઠોડ, બીપીનભાઈ, મીનાબેન ચૌહાણ, અમરીશભાઈ પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

### કંપની સમાચાર

## મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડનો આઈપીઓ ૩૧મીએ, ૨૦૧૭ને મંગળવારે ખુલશે અને ૨ નવેમ્બર, ૨૦૧૭ને ગુરૂવારે બંધ થશે

મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડ (''કંપની'')એ ૩૧ ઓક્ટોબર ૨૦૧૭ને મંગળવારે કંપનીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા કુલ ૧૯,૩૩૨,૩૪૬ ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી હતી. ઓફર ફોર સેલ મારફતે પ્રસ્તુત આ આઈપીઓની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૨૫ થી રૂ. ૪૨૯ છે, જેમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ (પ્રમોટર)ના ૯,૬૬૬.૧૭૩ ઈક્વિટી શેર; (૨) નોર્મન્ડી હોલ્ડિંગ્સ લિમિટેડના ૯,૨૭૧,૧૮૦ ઈક્વિટી શેર, અને (૩) કેદાર કેપિટલ અન્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ-કેરાદર કેપિટલ એઆઈએફના ૩૯૪,૯૯૩ (''ઓફર ફોર સેલ'' અથવા ''ઓફર'' તથા ઓફર ફોર સેલમાં આ પ્રકારના શેરધારકો સંયુક્તપણે 'વિક્રેતા શેરધારકો'' તરીકે તથા વ્યક્તિગત રીતે 'વિક્રેતા શેરધારક'' તરીકે સંદર્ભિત છે) શેર સામેલ છે.

બિડ્સ લઘુત્તમ ૩૪ ઈક્વિટી શેર અને પછી ૩૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની અને વિક્રેતા શેરધારકો સેબી આઈસીડીઆરના નિયમોને અનુક્રમે એન્કર રોકાણકારોને સહભાગી બનાવવા વિચારી શકે છે. એન્કર રોકાણકારની બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખનાં એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે ૩૦ ઓક્ટોબ, ૨૦૧૭ના રોજ ખુલશે. ઓફર ૨ નવેમ્બર, ૨૦૧૭ને મંગળવારે ખુલશે.

## ઠંડીનો ચમકારો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાય છે. રાત્રિના સમયે નિકળતા વાહનચાલકો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. અચાનક જ તાપમાનમાં ગિરાવટ આવતા શહેરીજનો ઠંડીનો ચમકારો અનુભવી રહયા છે. દિવસ દરમિયાન પણ ગરમીનુ જોર હળવુ પડતા ઓફિસ અને ઘરોમાં એ સી બંધ કરી દેવાયા છે. જયારે પંખા પણ ધીમી ગતિએ ફરી રહયા છે.

નગરજનો એકરીતે બેવડી ઋતુનો અહેસાસ કરી રહયા છે. જેના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. પરંતુ ઠંડીનો પારો ઉંચકાતા નગરમાં ગુલાબી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રી એ પહોંચી જતા ગાંધીનગર સમગ્ર રાજયમાં સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ હતુ. જયારે આજે સતત બીજા દિવસે પણ ઠંડીનો પારો ૧૫ ડી ગ્રીએ સ્થિર રહયો હતો. ઠંડીની અસરથી નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. રાત્રિના સમયે નગરના માર્ગો પર ઠંડીના ચમકારાની અસર વર્તાઈ રહી છે.

## અંધેર વહીવટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આર ટી ઓ કચેરીમાં છેલ્લા એક અઠવાડીયાના વાહનોનુ રજીસ્ટ્રેશન જ થયુ નથી. વાહન માલિકોને નંબરો મળ્યા નથી. જેના લીધે આમ નાગરિકો પરેશાન છે. આર ટી ઓ કચેરી તોતિંગ આવક મેળવે છે. આમ છતા સામાન્ય નાગરિકોને નિયમ મુજબ પોતાના કામો નિપજાવાનુ પણ દિનપ્રતિદિન મુશ્કેલ બનતુ જાય છે.સરકારને ઢગલો નાંણા રળીને દેતી આર ટી ઓ કચેરીમાં અરજદારો ફુટબોલની જેમ ફંગોળાઈ રહયા છે. ભ્રષ્ટ વહીવટના મુદ્દે ટોક ઓફ ધ ટાઉન બનેલી આર ટી ઓ કચેરીના અંધેર વહીવટથી અરજદારોમાં રોષ વ્યાપ્યો છે.

## અલ્ટીમેટમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલાવવાની ફરજ પડી હતી. હાર્દિક પટેલે કોંગ્રેસ પાર્ટીને અલ્ટીમેટમ આપ્યા બાદ કોંગ્રેસ ઉપર હવે દબાણ વધી ગયું છે. ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીની પ્રચાર રેલીઓને ખોરવી નાંખવાની ધમકી પણ હાર્દિકે આપી છે. એક સપ્તાહની અંદર જ જો પાટીદારોને અનામતના મુદ્દે કોંગ્રેસ વલણ સ્પષ્ટ નહીં કરે તો ચૂંટણી પ્રચાર રેલીમાં ખલેલ પહોંચાડવામાં આવશે. પાટીદાર નેતાએ છેલ્લા થોડાક મહિનાઓમાં કેટલાક બનાવોનો ઉલ્લેખ પણ કર્યો હતો જેમાં પાસના કાર્યકરોએ ભાજપની જાહેર સભામાં ધાંધલ ધમાલ મચાવી હતી. સુરતમાં પાટીદાર સમુદાયના નેતાઓ સાથે બેઠક દરમિયાન પાટીદારોએ હોબાળો મચાવ્યો હતો. આ ઉપરાંત પાસના સમર્થકોએ શાહની ગુજરાત ગૌરવ યાત્રા દરમિયાન પણ ખલેલ પહોંચાડી હતી. હાર્દિકની માંગણી એવા સમય ઉપર આવી છે જ્યારે ગુજરાતમાં આગામી ચૂંટણીને લઈને કોંગ્રેસ પાર્ટી દ્વારા આક્રમક તૈયારી કરવામાં આવી રહી છે. હાર્દિકને પોતાની તરફેણમાં કરવાના તમામ પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.

## કેશલેસની દિશામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાનગી ક્ષેત્રની મોટી કંપની એચડીએફસીના એટીએમની સંખ્યા ૧૨૨૩૦થી ઘટીને હવે ૧૨૨૨૫ થઈ ગઈ છે. બેંકોનુ કહેવુ છે કે એમટીએમના માસિક ભાડા ખુબ વધારે છે. ખાસ કરીને એરપોર્ટ અને અને પ્રાઈમ લોકેશન પર ભાડુ વધારે છે. ચેન્નાઈ અને બેંગલોર જેવા શહેરોમાં પણ એમટીએમ સાઈટ પર બાડુ આઠ હજારથી લઈને ૧૫ હજારની આસપાસ છે. આવી સ્થિતીમાં એટીએમને ઓપરેશનલ રાખવા માટેની બાબત બેંકો માટે ખર્ચાળ સાબિત થઈ રહી છે. બેંકો દ્વારા હવે ઉભી થયેલી સ્થિતીની સમીક્ષા કરી રહી છે. બેંકોનું કહેવું છે કે, એટીએમ સાઈટને લઈને ભાડા ખુબ વધારે રહે છે. ઈલેક્ટ્રીસિટી પણ મોટા ખર્ચ તરીકે છે. એટીએમથી કિઓસ્કને ૧૫-૧૮ ડિગ્રી વચ્ચે રાખવામાં આવે છે. દિવસ દરમિયાન એસી ચાલુ રાખવાની ફરજ પડે છે. એસબીઆઈના અધિકારીઓના કહેવા મુજબ બેંકોએ એસોસિએટ્સ બેંકો સાથે મર્જર કરી દેવામાં આવ્યા બાદ કેટલાક એટીએમ બંધ કરી દીધા છે. ખર્ચમાં કાપ મુકવાના હેતુસર આ એટીએમ બંધ કરવામાં આવ્યા છે. જ્યાં અન્ય એટીએમ છે ત્યાં એસબીઆઈ એસોસિએટ્સ બેંકોના એટીએમ બંધ કરી દેવામાં આવ્યા છે. કસ્ટમરોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે. બીજી બાજુ એટીએમ નેટવર્કને વધુ તર્કસંગત બનાવનાર એચડીએફસી બેંકે હવે વધુ સરળ સ્થળો ઉપર તેના એટીએમ ખસેડવાનો નિર્ણય કર્યો છે.